મારા મનનાં અણુ એ અણુમાં, જાગો જીવન સ્વામી, તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્ય પ્રભા રહું પામી.

## રાજ્યમાં વધુ ૪૯૮ નવા કેસ : અમદાવાદમાં ૨૮૯ : ગાંધીનગરમાં ૨૪

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૮ | ૭ જુન, ૨૦૨૦, રવિવાર; જેઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં 'કોરોના અનલોક' : ૯૮૮૭ નવા કેસ

**કોરોના કેસો પીક પર કે ખતરનાક ત્રીજો તબક્કો શરૂ થયો...? : દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ રેકોર્ડબ્રેક ૨૯૪ લોકોના મોત : કુલ સંક્રમિતોનો આંકડો ૨,૩૬,૬૫૭ જ્યારે કુલ મૃત્યુઆંક ૬૬૪૨ને પાર, રિકવરી રેટ ૪૮.૨૦ ટકા સુધી પહોંચ્યો : એક્સપર્ટે ફરી લોકડાઉન લગાવવાની આશંકા વ્યક્ત કરી**



ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કેસો તેની શિખરે(પીક) પહોંચી રહ્યાં હોય અથવા તો સંક્રમણનો ખતરનાક સંભવિત ત્રીજો તબક્કો ચાલી રહ્યો હોય તેમ આજે શનિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળામાં દેશમાં સતત ૪થા દિવસે ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯,૮૮૭ કેસો બહાર આવ્યાં અને આ જ સમયગાળામાં વધુ ૨૯૪ દર્દીઓના મોત થયા છે. નિષ્ણાતો એવો ભય વ્યક્ત કરે છે કે જો આ જ પ્રમાણે કેસો વધ્યા કરશે તો સંક્રમણને રોકવા કદાજ ફરીથી લોકડાઉન અંગે સરકાર વિચારે તો નવાઈ નહીં. અલબત્ત ૪-૪ લોકડાઉન બાદ હાલમાં અનલોક-૧ ચાલી રહ્યો છે તેથી ફરીથી લોકડાઉનની કોઈ શક્યતા જણાતી નથી. તેમ છતાં જનહિતમાં સરકાર કોઈપણ નિર્ણય લઈ શકે છે. આંકડાઓ પર નજર નાખીએ તો ભારતમાં એક જ અઠવાડિયામાં કોરોનાના ૬૧ હજાર કેસ વધ્યા છે. કેસોની સંખ્યામાં ભારત હવે ઈટાલી કરતાં

● અનુસંધાન પાન-૭ પર

## દેશની વસતી જોતા વાયરસનું સંક્રમણ અન્ય દેશોની સરખામણીએ વધુ નથી

**લોકડાઉન હળવું કરાતા ભારતમાં કોરોના બોમ્બ ફૂટશે : લોકડાઉનમાં અપાતી છૂટછાટોને લીધે સ્થિતિ વણસી શકે છે : WHO**

જિનીવા, તા. ૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક અગ્રણી નિષ્ણાતે ભારતને ચેતવણી આપી છે કે લોકડાઉનને દૂર કરવાથી ભારતમાં કોરોના વાયરસના કેસમાં વધારો જોવા મળી શકે છે. તેમણે કહ્યું હતું કે, જોકે ભારતમાં કોરોના વાયરસ રોગચાળા અંગેની પરિસ્થિતિ હજી વિસ્ફોટક નથી, પરંતુ દેશને આવા જોખમનો સામનો કરવો પડી શકે છે કારણ કે તે માર્ચમાં લાગુ કરાયેલા લોકડાઉનને દૂર કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ડબ્લ્યુએચઓના આરોગ્ય ઈમરજન્સી સિચ્યુએશન પ્રોગ્રામના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મિશેલ રિયાને શુક્રવારે કહ્યું હતું કે ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા બમણા કરવાનો સમય આ સ્તરે લગભગ ત્રણ અઠવાડિયાનો છે.

રોગચાળાનું સ્વરૂપ વિસ્ફોટક નથી : રાયને જીનીવામાં કહ્યું હતું કે, રોગચાળાની અસર ભારતના જુદા જુદા ભાગોમાં જુદી જુદી છે અને શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે અંતર છે. આ રોગચાળો દક્ષિણ એશિયામાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા ગીચ વસ્તીવાળા દેશોમાં પણ વિસ્ફોટક બન્યો નથી. પરંતુ હંમેશાં આવું થવાનો ભય રહે છે.

લોકડાઉનથી ભારતમાં સંક્રમણની ગતિ ધીમી પડી : રાયને કહ્યું કે જ્યારે રોગચાળો વકરે છે અને સમુદાયોમાં પ્રવેશ કરે છે, ત્યારે તે ઘણા સ્થળોએ જોવા મળે છે તે મુજબ તેનો ફેલાવો કોઈપણ સમયે બતાવી શકે છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જેવા પગલાએ ચેપ ફેલાવાની ગતિ ઓછી રાખી છે, પરંતુ દેશમાં ફરી પ્રવૃત્તિઓ શરૂ થવાની સાથે આ કેસોમાં વધારો થવાનો ભય છે.

## જ્યોતિરાદિત્યએ ટ્વિટર પ્રોફાઈલથી ભાજપને હટાવ્યું

**મધ્યપ્રદેશમાં ફરી રાજકારણ ગરમાયું : તાજેતરમાં શિવરાજસિંહ ચૌહાણે પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું ત્યારથી જ્યોતિરાદિત્ય નારાજ હોવાનું કહેવાય છે**

નવી દિલ્હી, તા. ૬

રાજ્યસભાની ચૂંટણી પૂર્વે મધ્યપ્રદેશમાં ફરી એકવાર રાજકીય હલચલ મચી ગઈ છે. પીઢ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા, જેમણે તાજેતરમાં જ કોંગ્રેસ છોડી દીધી હતી અને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા, તેમણે તેમના ટ્વિટર પ્રોફાઇલ પરથી 'ભાજપ' ને હટાવ્યા હોવાનું ચર્ચાય છે. સિંધિયાની ટ્વિટર પ્રોફાઇલ પર હવે ફક્ત જાહેર સેવક અને ક્રિકેટપ્રેમી એવું લખેલું છે. જો કે આ મામલે હજી સુધી જ્યોતિરાદિત્ય સિંધિયા કે ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા મળી નથી. સિંધિયાએ કોંગ્રેસ છોડતા સમયે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું તે પહેલાં જ તેમણે તેમની ટ્વિટર પ્રોફાઇલથી કોંગ્રેસને દૂર કરી દીધી હતી. જોકે, રાજકીય કોરિડોરમાં ચર્ચા છે કે, રાજ્યની શિવરાજ સરકારમાં તેના સમર્થક ધારાસભ્યોને વધુ પ્રધાનપદ મળે તે સિંધિયાની દબાણ ઘડવાની વ્યૂહરચનાનો એક ભાગ છે. હકીકતમાં, છેલ્લા દિવસોમાં જ્યારે મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે મંત્રીમંડળમાં માત્ર ૫ ધારાસભ્યોનો સમાવેશ કર્યો હતો, તે સમયે સિંધિયા તરફી મંત્રીઓને ઊર્જા વિભાગ આપવા માટે કોંગ્રેસને પણ અંધારામાં રખાઈ હતી. વળી, સિંધિયાના ભાજપમાં જોડાતા સમયે ચર્ચા થઈ હતી કે તેમના સમર્થક ધારાસભ્યોમાંથી કોઈને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં સિંધિયા દ્વારા ભાજપને તેમની ટ્વિટર પ્રોફાઇલથી હટાવવાના

● અનુસંધાન પાન-૭ પર

